| કુલ ગુણ | 100 |
|---|---|

# JRCL ખાતાકીય પરીક્ષા- 2024

## PAPER - 2

**પરીક્ષાની તારીખ :** ૨૧/૧૨/૨૦૨૪

**પરીક્ષાનો સમય :** બપોરે ૧૫:૦૦ થી ૧૭:૦૦

| કેટેગરી |
|---|
| A |

SEAL SEAL SEAL SEAL SEAL SEAL
JRCL PAPER-2
SEAL SEAL SEAL SEAL SEAL SEAL

પરીક્ષાર્થીનો બેઠક ક્રમાંક

પરીક્ષાનો બ્લોક નંબર

પરીક્ષાર્થીની સહી

બ્લોક સુપરવાઇઝરની સહી

| | પરીક્ષાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ |
|---|---|
| (1) | તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્ન પુસ્તિકા ખોલવી નહીં |
| (2) | મોબાઇલ ફોન, કેલક્યુલેટર, સ્માર્ટ વોચ, પેજર, સ્પાય કેમેરા, હેડ ફોન કે અન્ય વીજાણું ઉપકરણો હોવાનુ જણાશે તો પરીક્ષાર્થીને ગેરલાયક ગણવામાં આવશે. |
| (3) | ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર વાતચીત કરવી, અવાજ કરવો કે સુપરવાઇઝરની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે. |
| (4) | પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન પરીક્ષાર્થીએ પરીક્ષા ખંડ છોડવાની મનાઇ છે. |
| (5) | પ્રશ્નપત્ર મળે કે તરત જ ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવો. |
| (6) | ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિશ્ચિત જગ્યા સિવાય પરીક્ષાર્થીએ પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખ્ત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે. |
| (7) | ઉત્તરપત્ર **(OMR SHEET)** ના પ્રમાણપત્રમાં પરીક્ષાર્થી તથા સુપરવાઇઝર બંનેની સહી ફરજીયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્ર **(OMR SHEET)** નું મુલ્યાંકન થશે નહીં. જેથી ઉમેદવારે સુપરવાઇઝરશ્રીની સહી અવશ્ય મેળવી લેવી. |
| (8) | પરીક્ષાર્થીએ બ્લ્યુ/બ્લેક બોલપોઇન્ટ પેનનો ઉપયોગ કરી શકાશે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં. |
| (9) | પ્રશ્નપત્રની પુસ્તિકામાં કે પ્રશ્નના જવાબ આગળ કોઈપણ પ્રકારની નિશાની કરવી નહી. |
| (10) | આ કસોટી પત્રમાં કુલ -100 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.<br>ઉદાહરણ તરીકે : ગુજરાતનું પાટનગર કયું છે ?<br>(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) વડનગર (D) પાટણ<br>અહીં જવાબ (B) ગાંધીનગર જવાબ સાચો હોય, **OMR SHEET** માં વિકલ્પ (B) નું વર્તુળ ઘુંટવાનું (Encode) કરવાનું થાય.<br>Ⓐ ● Ⓒ Ⓓ |
| (11) | પ્રત્યેક સાચા જવાબદીઠ 1 (એક) ગુણ મળવાપાત્ર થશે. માઇનસ માર્કીંગ સિસ્ટમ નથી. **(NO NEGATIVE MARKING SYSTEM)** |
| (12) | છેકછાકવાળા જવાબ તથા એકથી વધારે વિકલ્પમાં આપેલ જવાબ તથા બ્લેડ કે રબ્બર કે વાઇટનર (સફેદ શાહી) નો ઉપયોગ કરી બદલાવેલ જવાબ માટેના ગુણ મળવાપાત્ર નથી. |
| (13) | પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર **(OMR SHEET)** બ્લોક સુપરવાઇઝરને પરત કર્યા બાદ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્ત ભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે. |
| (14) | આ પરીક્ષા માટેનો સમય ૧૨૦ મિનિટનો છે. |

# રફ કામ માટેનું પેઈજ

(1) ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો 2002 મુજબ જો કોઈ સમકક્ષ જગાનો ચાર્જ સંભાળે હોય તો તેના માટે કેટલા ટકા ચાર્જ એલાઉન્સ મળવાપાત્ર થાય ?

(A) 2 % (B) 5 %

(C) 10 % (D) 15 %

(2) IFMS 2.0 અંતર્ગત પ્રાયોગિક ધોરણે કુલ - 5 જિલ્લાઓના અધિકારી / કર્મચારીઓની વિવિધ ઈવેન્ટનીપગાર બાંધણીની ચકાસણી ઓનલાઈન કરવા માટે નાણાં વિભાગના તા. 14-09-21 ના પરીપત્રથી વ્યવસ્થાતંત્ર ગોઠવવામાં આવેલ છે. નીચે પૈકી કયા જિલ્લાનો આમા સમાવેશ થતો નથી ?

(A) જુનાગઢ (B) ભરૂચ

(C) બનાસકાંઠા (D) જામનગર

(3) હાલમાં આપવામાં આવતા સ્થાનિક વળતર ભથ્થું (CLA) અને ઘરભાડા ભથ્થું (HRA) ની ચૂકવણી માટે શહેરોનું વર્ગીકરણ કેટલા પ્રકારે કરવામાં આવ્યું છે ?

(A) 2 (B) 3 (C) 4 (D) 5

(4) પગાર આધારીત ભથ્થા પૈકી મળવાપાત્ર વળતર ભથ્થાના પ્રકાર પૈકી નીચેનામાંથી કોનો વળતર ભથ્થામાં સમાવેશ થતો નથી ?

(A) મુસાફરી ભથ્થું (B) સ્થાનિક વળતર ભથ્થું

(C) ડાંગ ભથ્થું (D) નોન-પ્રેક્ટીસીંગ ભથ્થું

(5) હાલ અમલી ઘર ભાડા ભથ્થા (HRA) ના દર પૈકી નીચેનું કયું જોડકણું સાચું છે ?

(A) "X" કેટેગરી શહેર → HRA દર 22%

(B) "X" કેટેગરી શહેર → HRA દર 20%

(C) "Y" કેટેગરી શહેર → HRA દર 12%

(D) "Y" કેટેગરી શહેર → HRA દર 16%

(6) કર્મચારી રજા પર હોય તો કેટલા દિવસની રજા સુધી તેને HRA/CLA પૂરા દરે મળવાપાત્ર થાય છે ?

(A) 60 દિવસ (B) 90 દિવસ

(C) 120 દિવસ (D) 180 દિવસ

(7) HRA નું પૂરું નામ માટે નીચે પૈકી કયું સાચું છે ?

(A) HOME RENT ALLOWANCE (B) HOME RENT ADDITIONAL PAY

(C) HOUSE RENT ALLOWANCE (D) HOUSE RENT ADDITIONAL PAY

(8) "રજા" માટે નીચે પૈકી કયું વિધાન સાચું છે ?

(A) રજા હક તરીકે માગી શકાશે નહિ

(B) રજાની ના પાડવાનીકે રદ કરવાની શાળાના ઉપરીને સત્તા નથી.

(C) રજા હક તરીકે માગી શકાશે

(D) રજાની ના પાડવાની કે રદ કરવાની સંચાલક સંમિતિને સત્તા નથી.

(9) પરચૂરણ રજા માટે નીચે પૈકી કયું વિધાન સાચું નથી ?

(A) શૈક્ષણિક વર્ષમાં વધુમાં વધુ 15 દિવસની મુદત સુધી પરચૂરણ રજા આપી શકાશે.

(B) સામાન્ય રીતે 3 દિવસ કરતાં વધારે ન હોય તેટલા દિવસની પરચૂરણ રજા એક સાથે ભોગવી શકાશે.

(C) અપવાદરૂપ સંજોગોમાં પરચૂરણ રજા 10 દિવસ સુધી લંબાવી શકાશે.

(D) પરચૂરણ રજાની બે મુદત વચ્ચે આવતા રવિવાર અને જાહેર રજાના દિવસો પરચૂરણ રજાના ભાગ તરીકે ગણાશે નહિ.

(10) અર્ધા પગારની રજા વધુમાં વધુ મુદત એકીસાથે કેટલા દિવસ પૂરતી મર્યાદિત રહેશે ?

(A) 60 દિવસ (B) 90 દિવસ

(C) 120 દિવસ (D) 150 દિવસ

(11) વિનિયમ - 1974 મુજબ જો બીજી કોઈ રજા મળવાપાત્ર ન હોય અથવા બીજી રજા મળવાપાત્ર હોય પણ કર્મચારી વગર પગારની રજા મંજૂર કરવા લેખિત અરજી કરે ત્યારે વધુમાં વધુ કેટલા દિવસની વગર પગારની રજા મળવાપાત્ર થાય ?

(A) 6 મહિના (B) 12 મહિના

(C) 24 મહિના (D) 36 મહિના

(12) નવી નિમણૂકના કિસ્સામાં પ્રથમ છ માસિક ગાળા સુધીના સમયગાળા માટે દરેક માસ દીઠ કેટલા દિવસની અર્ધપગારી રજા જમા કરવાની હોય છે ?

(A) $\frac{5}{3}$ (B) $\frac{3}{5}$ (C) $\frac{10}{3}$ (D) $\frac{1}{3}$

(13) સમગ્ર નોકરી દરમિયાન રૂપાંતરિત રજા વધુમાં વધુ કેટલા દિવસની મર્યાદામાં મળવાપાત્ર છે ?

(A) 120 દિવસ (B) 240 દિવસ

(C) 360 દિવસ (D) 400 દિવસ

(14) કર્મચારીને મળવાપાત્ર 20 અર્ધપગારી રજાઓ દર વર્ષે તેની સેવાપોથીમાં ક્યારે જમા કરવામાં આવે છે ?

(A) 1 જાન્યુઆરી અને 1 જુલાઈ (B) 31 જાન્યુઆરી અને 31 જુલાઈ

(C) 1 માર્ચ અને 1 ઓગસ્ટ (D) 1 એપ્રિલ અને 1 જુલાઈ

(15) કર્મચારી ક્ષય અથવા રક્તપિત્તની સારવાર લેતો હોય ત્યારે તેને વગર પગારની રજા એક પ્રસંગે વધુમાં વધુ કેટલા મુદતની મળવાપાત્ર થાય ?

(A) 2 મહિના (B) 4 મહિના

(C) 6 મહિના (D) 12 મહિના

(16) કર્મચારીની વયનિવૃત્તિની તારીખથી કેટલા સમય અગાઉ તેના પેન્શનના કાગળો. તૈયાર કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવવી જોઈએ ?

(A) 12 માસ અગાઉ (B) 24 માસ અગાઉ

(C) 6 માસ અગાઉ (D) 3 માસ અગાઉ

(17) પેન્શન પેપર્સ મોકલ્યા બાદ કર્મચારી જ્યારે નિવૃત્ત થવાનો હોય તે સમયગાળા દરમિયાન કોઈ ખાતાકીય તપાસ કે અન્ય તપાસ શરૂ કરેલ નથી તે મતલબનું નો ડિપાર્ટમેન્ટ ઇન્કવાયરી / નો ઇવેન્ટ પ્રમાણપત્ર આપવામાં આવે છે તે કયા નમૂનામાં આપવામાં આવે છે ?

(A) નમૂના - 20
(B) નમૂના - 21
(C) નમૂના - 22
(D) નમૂના - 23

(18) મૃત્યુ-સહ-નિવૃત્તિ ગ્રેજ્યુઈટીની ચૂકવણી માટે કુટુંબ તરીકે જૂથ-1 માં નીચે પૈકી કોનો સમાવેશ થતો નથી ?

(A) અપરિણિત પુત્રો / પુત્રીઓ
(B) પરિણિત પુત્રો / પુત્રીઓ
(C) અપરિણિત બહેનો
(D) વિધવા પુત્રીઓ

(19) પેન્શનના વિવિધ પ્રકારો પૈકી નીચે પૈકી કોનો પેન્શનના પ્રકારમાં સમાવેશ થતો નથી ?

(A) વય નિવૃત્તિ પેન્શન
(B) અશક્તતા પેન્શન
(C) કુટુંબ પેનશન
(D) તબીબી પેન્શન

(20) LTC નું પૂરું નામ નીચે પૈકી કયું છે ?

(A) LEAVE TOOR CONCESSION
(B) LEAVE TRAVEL COMISSION
(C) LEAVE TOOR COMISSION
(D) LEAVE TRAVEL CONCESSION

(21) રજા પ્રવાસ રાહત (LTC) અંતર્ગત તાજેતરમાં નીચેનામાંથી કઈ ટ્રેનની મુસાફરીનો સમાવેશ કરવામાં આવ્યો છે ?

(A) રાજધાની એક્સપ્રેસ
(B) શતાબ્દી એક્સપ્રેસ
(C) વંદે ભારત એક્સપ્રેસ
(D) ગરીબરથ એક્સપ્રેસ

(22) રજા પ્રવાસ રાહત યોજના અંતર્ગત જવા-આવવાના કુલ કેટલા કિલોમીટરની મર્યાદામાં આ યોજનાનો લાભ મળવાપાત્ર થાય છે ?

(A) 3000 કિ.મી.
(B) 4000 કિ.મી.
(C) 5000 કિ.મી.
(D) 6000 કિ.મી.

(23) રજા પ્રવાસ રાહત યોજના અંતર્ગત સમગ્ર નોકરી દરમિયાન વધુમાં વધુ કેટલા દિવસની પ્રાપ્ત રજાનું રોકડમાં રૂપાંતર કરી શકાય છે ?

(A) 60 દિવસ
(B) 30 દિવસ
(C) 20 દિવસ
(D) 10 દિવસ

(24) કર્મચારીને બઢતી / ઉચ્ચતર પગાર ધોરણ માટે વિવિધ પરીક્ષાઓ પાસ કરવાની જોગવાઈ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો - 1974 ના કયા વિનિયમમાં છે ?

(A) વિનિયમ - (19) (1)
(B) વિનિયમ - 19 (2)
(C) વિનિયમ - 20 (1)
(D) વિનિયમ - 24 (1)

(25) હાલ વર્ગ - 3 અને વર્ગ - 4 ના કર્મચારીઓનું નોકરી દરમિયાન અવસાન થાય તે કિસ્સામાં સ્વર્ગસ્થ કર્મચારીના આશ્રિત કુટુંબને કેટલા રૂપિયાની ઉચ્ચક નાણાંકીય સહાય ચૂકવવામાં આવે છે ?

(A) 8 લાખ
(B) 10 લાખ
(C) 12 લાખ
(D) 14 લાખ

(26) ઉચ્ચક નાણાંકીય સહાય કયા વર્ગના અધિકારી / કર્મચારીને મળવાપાત્ર થતી નથી ?

(A) વર્ગ - 2 ના અધિકારી (B) વર્ગ - 3 ના કર્મચારી

(C) વર્ગ - 4 ના કર્મચારી (D) વર્ગ - 3 અને વર્ગ - 4 ના ફિક્સ પગારના કર્મચારી

(27) ઉચ્ચક નાણાંકીય સહાય માટેની અરજી કર્મચારીના અવસાનની તારીખથી વધુમાં વધુ કેટલી મુદત સુધીમાં કરવાની હોય છે ?

(A) 3 માસ (B) 6 માસ

(C) 9 માસ (D) 12 માસ

(28) ઉચ્ચક નાણાંકીય સહાય ચૂકવવાની યોજના સામાન્ય વહીવટી વિભાગના કઈ તારીખના ઠરાવથી લાગુ પાડવામાં આવી ?

(A) 05-07-2011 (B) 7-05-2011

(C) 05-07-2010 (D) 07-05-2010

(29) સાતમા પગારપંચ માટે નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?

(A) 01-04-2016 થી અમલી બન્યુ (B) 01-05-2016 થી અમલી બન્યુ

(C) 01-01-2016 થી અમલી બન્યુ (D) 01-10-2016 થી અમલી બન્યુ

(30) મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના અંતર્ગત કુલ - 5 વિદ્યાર્થી ધોરણ 11 માં અનુદાનિત શાળામાં પ્રવેશ લે તો શાળાને કેટલી નાણાંકીય સહાય મળવાપાત્ર થશે ?

(A) 4,000 (B) 5,000 (C) 15,000 (D) 20,000

(31) ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં વધુમાં વધુ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ વિજ્ઞાનપ્રવાહમાં પ્રવેશ મેળવે તે માટે ગુજરાત સરકાર દ્વારા કઈ પ્રોત્સાહક સહાય યોજના શરૂ કરવામાં આવી છે ?

(A) નમો લક્ષ્મી વિજ્ઞાનસાધના યોજના (B) મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજના

(C) નમો સરસ્વતી વિજ્ઞાનસાધના યોજના (D) મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ યોજના

(32) નમો લક્ષ્મી યોજનાનું અમલીકરણ કરવા શૈક્ષણિક વર્ષથી કરવામાં આવેલ છે ?

(A) 2021 - 22 (B) 2022 - 23

(C) 2023 - 24 (D) 2024 - 25

(33) વિદ્યાદીપ વીમા યોજના કયા વર્ષથી અમલમાં મૂકવામાં આવી છે ?

(A) 2002 (B) 2003

(C) 2004 (D) 2005

(34) NMMS યોજના અંતર્ગત મેરીટમાં આવતા વિદ્યાર્થીઓને વાર્ષિક કેટલી શિષ્યવૃત્તિ મળવાપાત્ર થાય છે ?

(A) 6,000 (B) 9,000

(C) 10,000 (D) 12,000

(35) NMMS ની પરીક્ષા આપવા માટે વિદ્યાર્થીના વાલીની વાર્ષિક આવક મર્યાદા કેટલી છે ?

(A) 1,50,000/- (B) 2,50,000/-

(C) 3,50,000/- (D) કોઈ આવક મર્યાદા નથી.

(36) NTSE નું પૂરું નામ શું છે ?

(A) NATIONAL TALENT SCIENCE EXAMINATION

(B) NATIONAL TALENT SCHOOL EXAMINATION

(C) NATIONAL TALENT STUDENT EXAMINATION

(D) NATIONAL TALENT SEARCH EXAMINATION

(37) મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજનાના અમલીકરણ અધિકારી તરીકે કોણ કાર્ય કરે છે ?

(A) નિયાકમશ્રી, પ્રાથમિક શિક્ષણ (B) નિયામકશ્રી, શાળાઓ

(C) સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ (D) નિયામકશ્રી, GCERT

(38) મુખ્યમંત્રી જ્ઞાન સાધનામેરીટ સ્કોલરશીપ યોજના માટે પસંદ કરવાની સ્વ-નિર્ભર શાળાઓ માટે નીચે પૈકી કયું વિધાન સાચું નથી ?

(A) પાંચ વર્ષનું ધોરણ 10 ની બૉર્ડની પરીક્ષાનું પરિણામ 80 % કરતાં વધુ હોવું જોઈએ.

(B) શાળામાં ધોરણ 9 થી 12 નો સળંગ અભ્યાસક્રમ ચાલતો હોય.

(C) ધોરણ 9 થી 12 નું સંચાલન એક જ ટ્રસ્ટ/સંસ્થા દ્વારા થતું હોય.

(D) ધોરણ 9 થી 12 સળંગ એક જ કેમ્પસમાં ચાલતા હોય.

(39) નીચે પૈકી કયા કિસ્સામાં મુખ્યમંત્રી જ્ઞાન સાધના સ્કોલરશીપ યોજનાનો લાભ વિદ્યાર્થીને મળતો બંધ થશે ?

(A) વિદ્યાર્થી નાપાસ થાય.

(B) શાળા શિક્ષણ છોડી દે

(C) વિદ્યાર્થી સામે કોઈ પણ ગંભીર પ્રકારના શિસ્ત વિષયક પગલાં લેવામાં આવે.

(D) ઉપરોક્ત તમામ

(40) નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના અંતર્ગત ધોરણ 11 અને 12 ના કુલ મળી કેટલા રૂપિયાની સહાય ચૂકવવામાં આવે છે ?

(A) 10,000/- (B) 15,000/- (C) 20,000/- (D) 25,000/-

(41) નમો લક્ષ્મી યોજનાનો લાભ કયા બૉર્ડ દ્વારા માન્યતા પ્રાપ્ત શાળાઓની વિદ્યાર્થીઓને મળવાપાત્ર છે ?

(A) GSHSEB અને CBSE (B) માત્ર GSHSEB

(C) માત્ર CBSE (D) તમામ બૉર્ડ

(42) વિદ્યાદીપ વીમા યોજનાનો મુખ્ય હેતુ નીચે પૈકી કયો છે ?

(A) અભ્યાસ કરતા વિદ્યાર્થીનું કુદરતી અવસાન થાય તે કિસ્સામાં વાલીને આર્થિક સહાય આપવાનો.

(B) અભ્યાસ કરતા વિદ્યાર્થીનું આકસ્મિક અવસાન થાય તે કિસ્સામાં વાલીને આર્થિક સહાય કરવી.

(C) અભ્યાસ કરતા વિદ્યાર્થીને ઈજા થાય તે કિસ્સામાં આર્થિક સહાય કરવાનો.

(D) અભ્યાસ કરતા વિદ્યાર્થીને બીમારીમાં આર્થિક સહાય કરવાનો.

(43) NMMS પરીક્ષા માટે નીચે પૈકી કયું વિધાન સાચું નથી ?

(A) આ કસોટી MCQ સ્વરૂપની છે. (B) આ કસોટીનું મૂલ્યાંકન નકારાત્મક નથી.

(C) પરીક્ષાનું મધ્યમ માત્ર ગુજરાતી રહેશે. (D) અંધ વિદ્યાર્થીઓને 30 મિનિટનો વધારાનો

(44) નીચે પૈકી કઈ શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ NMMS પરીક્ષામાં આવેદન પત્ર ભરી શકશે નહિ ?

(A) ખાનગી શાળાઓ
(B) કેન્દ્રિય વિદ્યાલય
(C) જવાહર નવોદય વિદ્યાલય
(D) ઉપરોક્ત તમામ

(45) મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ માટેની પરીક્ષા કોના દ્વારા લેવામાં આવે છે ?

(A) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડ
(B) કમિશનર શાળાઓની કચેરી
(C) રાજ્ય પરીક્ષા બોર્ડ
(D) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ

(46) NMMS પરીક્ષા આપનાર જનરલ અને એ.બી.સી. કેટેગરીના વિદ્યાર્થીઓએ કસોટીના બંને વિભાગમાં કુલ મળીને કેટલા ટકા ગુણ મેળવે તો તે ક્વોલિફાય થાય છે ?

(A) 40 %
(B) 45 %
(C) 50 %
(D) 60 %

(47) સહાયક અનુદાન નિયમ સંગ્રહ 1964 મુજબ માધ્યમિક શાળા શરૂ કરવા માટેની અરજી કરનાર ટ્રસ્ટ/મંડળ જાહેર ટ્રસ્ટ અધિનિયમ હેઠળ જો રજીસ્ટર થયેલ ન હોય તો તેને અરજીની તારીખથી કેટલા સમયમાં ટ્રસ્ટ રજીસ્ટર કરાવી લેવાનું હોય છે.

(A) 1 માસમાં
(B) 2 માસમા
(C) 3 માસમાં
(D) 6 માસમા

(48) સહાયક અનુદાન નિયમ સંગ્રહ 1964 મુજબ ચાલતા ધોરણોના ઉપલા વર્ગોની માન્યતા માટે શાળા/ટ્રસ્ટ એ શૈક્ષણિક વર્ષ શરૂ થતા પહેલાના કેટલા કરતા ઓછા નહિ તેટલા માસ પહેલા જિલ્લા શિક્ષણાધિકારીને અરજી કરવાની હોય છે ?

(A) 1 માસ
(B) 2 માસ
(C) 3 માસ
(D) 4 માસ

(49) સહાયક અનુદાન નિયમ સંગ્રહ 1964 મુજબ શાળા માન્યતા નકારવામાં આવે તે કિસ્સામાં શાળા સંચાલક મંડળે આવા હુકમ મળ્યાની તારીખથી કેટલા માસની અંતર શિક્ષણ નિયામકને અપીલ કરી શકે ?

(A) 1 માસ
(B) 3 માસ
(C) 4 માસ
(D) 6 માસ

(50) સહાયક અનુદાન નિયમ સંગ્રહ 1964 મુજબ શાળાના સામાન્ય રજીસ્ટરમાં જન્મ તારીખ, નામ વગેરેમાં ફેરફાર કરવા માટેના નિયમો કયા પરિશિષ્ટમાં દર્શાવેલ છે ?

(A) પરિશિષ્ટ - 8
(B) પરિશિષ્ટ - 13
(C) પરિશિષ્ટ - 17
(D) પરિશિષ્ટ - 3

(51) મંદ વિદ્યાર્થીઓ માટે ખાસ શિક્ષણની ગોઠવણ માટે વર્ગદીઠ વિદ્યાર્થી સંખ્યા અને વર્ગના સમય અંગે નીચે પૈકી કઈ જોગવાઈ સાચી છે ? (ગ્રાન્ટ-ઇન-એઇડ કોડ 1964 મુજબ)

(A) વિદ્યાર્થી સંખ્યા-20 અને સમય 2 કલાક
(B) વિદ્યાર્થી સંખ્યા - 20 અને સમય 1 કલાક
(C) વિદ્યાર્થી સંખ્યા - 10 અને સમય 2 કલાક
(D) વિદ્યાર્થી સંખ્યા - 15 અને સમય 1 કલાક

(52) સહાયક અનુદાન નિયમ સંગ્રહ 1964 મુજબ પૂર્ણકાલિક અભ્યાસક્રમો માટે ઘરકામ (ગૃહકાર્ય) કેટલા કલાકથી વધારે હોવું જોઈએ નહિ ?

(A) 1 કલાક
(B) 2 કલાક
(C) 3 કલાક
(D) 4 કલાક

(53) સહાયક અનુદાન નિયમ સંગ્રહ 1964 મુજબ ફીના નિયત દર કરતા 50 % ઉપરનો વધારો કોણ મંજૂર કરી શકેશે ?

(A) શિક્ષણ નિયામક (B) જિલ્લા શિક્ષણાધિકારી

(C) શિક્ષણ નિરીક્ષક (D) નાયબ નિયામક

(54) સહાયક અનુદાન નિયમ સંગ્રહ 1964 મુજબ સત્રફીની રકમ નીચે પૈકી કઈ બાબત માટે વાપરી શકાશે ?

(A) શાળાના સમારંભો અને ઉત્સવો (B) પ્રાથમિક સારવાર માટેની સાધન સામગ્રી

(C) પરીક્ષા ખર્ચ (D) ઉપરના તમામ

(55) સહાયક અનુદાન નિયમ સંગ્રહ 1964 મુજબ સ્ટાફ પસંદગી સમિતિમાં નીચે પૈકી કોનો સમાવેશ થતો નથી ?

(A) શાળાના વડા (B) સંચાલક મંડળના એક પ્રતિનિધિ

(C) તાલુકા બહારના એક શિક્ષણકાર (D) જિલ્લાના સમાજ સુરક્ષા અધિકારી

(56) કર્મચારીની ગેરવર્તણૂંકના કિસ્સામાં તપાસ કરવા માટે રચવામાં આવતી તપાસ સમિતિની રચનાની જોગવાઈ સહાયક અનુદાન નિયમ સંગ્રહ 1964 ના કયા પ્રકરણમાં છે ?

(A) પ્રકરમ - 14 (B) પ્રકરણ - 15

(C) પ્રકરણ - 13 (D) પ્રકરણ - 12

(57) સહાયક અનુદાન નિયમ સંગ્રહ 1964 મુજબ કર્મચારીને રજા માટેની અરજી સામાન્ય રીતે જે તારીખથી રજા માગી હોય તેના કેટલા દિવસ પહેલા અરજી કરવી જોઈએ ?

(A) 7 દિવસ (B) 10 દિવસ

(C) 15 દિવસ (D) 3 દિવસ

(58) નીચે પૈકી કયું જોડકણું સાચું નથી ? (સહાયક અનુદાન નિયમ સંગ્રહ 1964 મુજબ)

(A) પરિશિષ્ટ - 8 → જનરલ રજિસ્ટરનો નમૂનો

(B) પરિશિષ્ટ - 11 → શિક્ષકનો ખાનગી અહેવાલનો નમૂનો

(C) પરિશિષ્ટ - 17 → શાળાના વડાનીફરજો

(D) પરિશિષ્ટ - 07 → નિમણૂકનો હુકમ

(59) સહાયક અનુદાન નિયત સંગ્રહ 1964 અંતર્ગત ગ્રાન્ટના હેતુ માટે વિદ્યાર્થીઓની સરાસરી હાજરી માટે કયા માસની હાજરી ધ્યાને લેવાની જોગવાઈ છે ?

(A) જૂન, જુલાઈ, ઓગસ્ટ (B) જુલાઈ, ઓગસ્ટ, સપ્ટેમ્બર

(C) ઓગસ્ટ, સપ્ટેમ્બર, ઓક્ટોબર (D) સપ્ટેમ્બર, ઓક્ટોબર, નવેમ્બર

(60) સહાયક અનુદાન નિયમ સંગ્રહ 1964 મુજબ અનુદાન સહાય કેટલા હપ્તામાં આપવામાં આવે છે ?

(A) 2 (B) 3 (C) 4 (D) 5

(61) સહાયક અનુદાન નિયમ સંગ્રહ 1964 મુજબ શાળાને માન્યતા મળ્યાના પ્રથમ વર્ષે પ્રતિક ગ્રાન્ટ જોઈતી હોય તો તેને સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીને ક્યાં સુધીમાં અરજી કરવાની રહેશે ?

(A) 1 જાન્યુઆરી સુધીમાં (B) 31 માર્ચ સુધીમાં

(C) 1 એપ્રિલ સુધીમાં (D) 31 ઓગસ્ટ સુધીમાં

(62) સહાયક અનુદાન નિયમ સંગ્રહ 1964 ના કયા નિયમની જોગવાઈ અંતર્ગત સંચાલક મંડળ શાળાના મકાનનો ઉપયોગ બોર્ડની પરીક્ષા કે સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઇન્કાર કરી શકશે નહિ ?

(A) 102 (B) 105 (C) 110 (D) 3.8

(63) સહાયક અનુદાન નિયમ સંગ્રહ 1964 મુજબ શાળાએ જો ફીમાં વધારો કરવાનો હોય તો તેની જાણ ઓછામાં ઓછા કેટલા સમય પહેલા વિદ્યાર્થીના માતા-પિતાને કરવી જોઈએ ?

(A) 6 માસ અગાઉ
(B) 4 માસ અગાઉ
(C) 3 માસ અગાઉ
(D) 1 માસ અગાઉ

(64) સહાયક ગ્રાન્ટના પ્રકારો પૈકી નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?

(A) મકાન ગ્રાન્ટ
(B) નિભાવ ગ્રાન્ટ
(C) સાધન સામગ્રી ગ્રાન્ટ
(D) વિદ્યાર્થી ગ્રાન્ટ

(65) સહાયક અનુદાન નિયમ સંગ્રહ 1964 મુજબ મકાન ગ્રાન્ટ કુલ ખર્ચના વધુમાં વધુ કેટલા દરે આપી શકાય ?

(A) $\frac{1}{5}$ (B) $\frac{1}{4}$ (C) $\frac{1}{3}$ (D) $\frac{1}{2}$

(66) સહાયક અનુદાન નિયમ સંગ્રહ 1964 મુજબ શાળાના કુલ વિદ્યાર્થી સંખ્યાના ઓછામાં ઓછા કેટલા ટકા વિદ્યાર્થીઓ છાત્રાલયમાં રહેતા હોય તો તેવી શાળાઓને છાત્રાલય ગ્રાન્ટ મળવાપાત્ર થાય ?

(A) 10 % (B) 15 % (C) 20 % (D) 25 %

(67) સહાયક અનુદાન નિયમ સંગ્રહ 1964 મુજબ શાળાના સમય બાબતે નીચેનામાંથી કયું વિધાન સાચું નથી ?

(A) શાળામાં દર અઠવાડિયે 21 કલાકથી ઓછું શિક્ષણ આપવું ન જોઈએ.
(B) અઠવાડિયાના 5 દિવસ 5 કલાક શિક્ષણ આપવું જોઈએ.
(C) અઠવાડિયાના 1 દિવસ 2-3 કલાક શિક્ષણ આપવું જોઈએ.
(D) શાળા ઈચ્છે તો શિક્ષણના કલાકો અઠવાડિયાના 6 દિવસો વચ્ચે વહેચી શકશે.

(68) સહાયક અનુદાન નિયમ સંગ્રહ 1964 મુજબ સત્રફી અંગે નીચે પૈકી કયું વિધાન સાચું છે ?

(A) સત્ર ફી વર્ષમાં એકવાર લઈ શકાશે.
(B) માસિક શિક્ષણ ફીની રકમથી બમણી રકમ જેટલી સામટી સત્ર ફી લઈ શકાશે.
(C) સત્ર ફીની રકમ શાળાના વડા હસ્તક રહેશે.
(D) સત્ર ફીનો હિસાબ જુદો રાખવો નહિ.

(69) સહાયક અનુદાન નિયમ સંગ્રહ 1964 મુજબ એક વખત દાખલ કરવામાં આવેલ પાઠ્યપુસ્તકો નિયામકની પૂર્વ પરવાનગી વગર ઓછામાં ઓછા કેટલા વર્ષ પૂરા ન થાય ત્યાં સુધી બદલી શકાશે નહિ ?

(A) 3 વર્ષ
(B) 4 વર્ષ
(C) 5 વર્ષ
(D) 10 વર્ષ

(70) સહાયક અનુદાન નિયમ સંગ્રહ 1964 માં હાજરીપત્રકનો નમૂનો કયા પરિશિષ્ટમાં દર્શાવેલ છે ?

(A) પરિશિષ્ટ - 14
(B) પરિશિષ્ટ - 10
(C) પરિશિષ્ટ - 9
(D) પરિશિષ્ટ - 7

(71) નવી માધ્યમિક શાળા ખોલવાની પરવાનગી માટેની અરજીનો નમૂનો સહાયક અનુદાન નિયમ સંગ્રહ 1964 ના કયા પરિશિષ્ટમાં દર્શાવેલ છે ?

(A) પરિશિષ્ટ - 1 (1)
(B) પરિશિષ્ટ - 1 (2)
(C) પરિશિષ્ટ - 12
(D) પરશિષ્ટ - 6

(72) સહાયક અનુદાન નિયમ સંગ્રહ 1964 માં "ઘરકામ (ગૃહકાર્ય)" અંગેની જોગવાઈ કયા પ્રકરણમાં છે ?

(A) પ્રકરણ - 6
(B) પ્રકરણ - 7
(C) પ્રકરણ - 8
(D) પ્રકરણ - 9

(73) સહાયક અનુદાન નિયમ સંગ્રહ 1964 માં "સંચાલક મંડળમાં કે નામમાં ફેરફાર" અંગેની જોગવાઈ કયા પ્રકરણમાં છે ?

(A) પ્રકરણ - 18
(B) પ્રકરણ - 14
(C) પ્રકરણ - 11
(D) પ્રકરણ - 3

(74) સહાયક અનુદાન નિયમ સંગ્રહ 1964 મુજબ વિદ્યાર્થીની નિયમિત દાક્તરી તપાસ ઉપરાંત શિક્ષકે ઓછામાં ઓછા કેટલા સમયગાળાએ નિયમિત રીતે ઊંચાઈ અને વજનના માપ લેવાની જોગવાઈ છે ?

(A) 3 માસ
(B) 6 માસ
(C) 9 માસ
(D) 12 માસ

(75) રાજ્યની ગ્રાન્ટેડ શાળાઓને અનુદાન સહાયનું ધોરણ સુધારવા બાબતનો શિક્ષણ વિભાગનો કઈ તારીખનો ઠરાવ હાલ અમલમાં છે ?

(A) 23-01-2017
(B) 23-11-2017
(C) 23-10-2017
(D) 23-12-2017

(76) હાલ ગ્રાન્ટેડ શાળાઓમાં વર્ગદીઠ માસિક નિભાવ ગ્રાન્ટના દરોમાં નીચે પૈકી કયું સાચું છે ?

(A) 6 થી 30 વર્ગ સુધી 3000
(B) 6 થી 30 વર્ગ સુધી 2500
(C) 6 થી 30 વર્ગ સુધી 2700
(D) 6 થી 30 વર્ગ સુધી 2000

(77) હાલ ગ્રાન્ટેડ શાળાઓમાં અમલમાં છે તે વર્ગદીઠ અનુદાન સહાય કઈ તારીખથી લાગુ પડેલ છે ?

(A) 01-04-2017
(B) 01-05-2017
(C) 01-01-2017
(D) 01-11-2017

(78) શાળાને આપવામાં આવતા અનુદાન સહાયના કેટલા ટકા અનુદાન ઈતર ખર્ચ માટે વાપરી શકાશે ?

(A) 55 %
(B) 65 %
(C) 75 %
(D) 85 %

(79) નવી વર્ધિત પેન્શન યોજના ક્યારથી લાગુ પાડવામાં આવેલ છે ?

(A) 31-03-2005
(B) 01-05-2005
(C) 01-04-2005
(D) 01-06-2005

(80) નવી વર્ધિત પેન્શન યોજનામાં કુલ કેટલા TIER (સ્તર) છે ?

(A) 2 (B) 3 (C) 4 (D) 5

(81) નવી વર્ધિત પેન્શન યોજનામાં કાયમી પેન્શન ખાતા નંબર કેટલા આંકડાનો હોય છે ?

(A) 8 (B) 10 (C) 15 (D) 16

(82) નવી વર્ધિત પેન્શન યોજનામાં કાયમી પેન્શન ખાતા નંબર કઈ કચેરી દ્વારા ફાળવવામાં આવે છે ?

(A) નિયામક, પેન્શન અને પ્રોવિડન્ડ ફંડની કચેરી

(B) નિયામક, હિસાબ અને તિજોરીની કચેરી

(C) વીમા નિયામકની કચેરી

(D) સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી

(83) નવી વર્ધિત પેન્શન યોજનામાં કર્મચારી ઇનવેસ્ટમેન્ટ પેટર્ન અંગે નાણાંકીય વર્ષમાં કેટલી વખત વિકલ્પ આપી શકે છે ?

(A) 3 (B) 2

(C) 1 (D) વિકલ્પ આપી શકશે નહિ.

(84) નવી વર્ધિત પેન્શન યોજનામાં આપવામાં આવતા કાયમી પેન્શન ખાતા નંબરના પ્રથમ ચાર અંક શું દર્શાવે છે ?

(A) જિલ્લાનો કોડ

(B) જન્મનું વર્ષ

(C) સરકારી સેવામાં જોડાયાનું વર્ષ

(D) ઉપાડ અને ચુકવણી અધિકારીનો ઈ.ડી.પી. કોડ

(85) હાલ નવી વર્ધિત પેન્શન યોજનામાં સરકારશ્રી દ્વારા કેટલા ટકા ફાળો જમા કરાવવામાં આવે છે ?

(A) 10 % (B) 12 % (C) 14 % (D) 15 %

(86) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 એટલે...

(A) 1989 નો અધિનિયમ ક્રમાંક - 49

(B) 1988 નો અધિનિયમ ક્રમાંક - 49

(C) 1988 નો અધિનિયમ ક્રમાંક - 46

(D) 1988 નો અધિનિયમ ક્રમાંક - 88

(87) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 માં કેટલી કલમોનો સમાવેશ કરવામાં આવ્યો છે ?

(A) 31 (B) 27 (C) 37 (D) 41

(88) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 અન્વયે નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

(A) જાહેર નોકર કેન્દ્ર સરકારનો હોય કે રાજ્ય સરકારનો, લાંચના ગુનાસર તેની સામે કામ ચલાવવા કેન્દ્ર સરકારની મંજૂરી જ મેળવવી પડે.

(B) જાહેર સેવકે આ કાયદા હેઠળ કરેલ ગુના સબંધમાં તેની સામે ફોજદારી કાર્યવાહી કરવા માટે પૂર્વમંજૂરી જરૂરી હોય છે.

(C) આ કાયદો લાંચના ગુનાને લગતો હોય કોઈની પણ મંજૂરી જરૂર રહેતી નથી.

(D) આ કાયદો લાંચના ગુનાને લગતો હોય જાહેર સેવકની અટક કરતાં પહેલાં સક્ષમ અધિકારીની મંજૂરી જોઈએ.

(89) રાજ્ય સેવકની વ્યક્તિની વગ કે લાભ લેવા બાબતે કઈ કલમમાં જોગવાઈ કરી છે ?

(A) કલમ - 7
(B) કલમ - 9
(C) કલમ - 10
(D) કલમ - 4

(90) કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અધિનિયમ - 2013 હેઠળની સત્તાનો ઉપયોગ અને કાર્ય નિકાલ માટે સરકાર કોને જિલ્લા અધિકારી તરીકે જાહેર કરે છે ?

(A) અધિક જિલ્લા કલેક્ટર
(B) મામલતદાર
(C) કલેક્ટર કે ડેપ્યુટી કલેક્ટર
(D) મ્યુનિસિપલ કમિશ્નર

(91) આંતરિક ફરીયાદ સમિતિની રચનામાં કુલ સભ્યો પૈકીકેટલા ટકા મહિલા સભ્યો હોવા જોઈએ ?

(A) 25 %
(B) 33 %
(C) 45 %
(D) 50 %

(92) કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અધિનિયમ - 2013 મુજબ પીડિત મહિલા કેટલા સમયમાં લેખિત ફરિયાદ કરી શકે છે ?

(A) છ માસમાં
(B) ચાર માસમાં
(C) ત્રણ માસમાં
(D) એક માસમાં

(93) સ્થાનિક ફરિયાદ સમિતિની રચના કયા પ્રકારની સંસ્થામાં રચના કરવામાં આવે છે ?

(A) જે સંસ્થામાં 11 કરતાં ઓછા કામદારો હોય તેવી સંસ્થામાં
(B) જે સંસ્થામાં 21 કરતાં ઓછા કામદારો હોય તેવી સંસ્થામાં
(C) જે સંસ્થામાં 25 કરતા ઓછા કામદારો હોય તેવી સંસ્થામાં
(D) આવી કોઈ જોગવાઈ નથી.

(94) માહિતી અધિકાર અધિનિયમ - 2005 હેઠળની અરજીની રૂા. 20/- નાગરિક નીચે દર્શાવેલ પદ્ધતિઓમાંથી કંઈ પદ્ધતિથી ભરી ન શકે ?

(A) રોકડેથી
(B) ડિમાન્ડ ડ્રાફ્ટથી
(C) જ્યુડીશીયલ સ્ટેમ્પ દ્વારા
(D) ક્રોસ ચેકથી

(95) માહિતી અધિકાર અધિનિયમ - 2005 હેઠળ જાહેર માહિતી અધિકારીએ કેટલા દિવસમાં અરજદારોને માહિતી આપવાની હોય છે ?

(A) 15 દિવસ
(B) 30 દિવસ
(C) 45 દિવસ
(D) 60 દિવસ

(96) માહિતી અધિકાર અધિનિયમ - 2005 અંતર્ગત ત્રાહિત પક્ષકાર કોને કહેવાય ?

(A) રાજ્ય સરકાર
(B) માહિતી કમિશ્નર
(C) માહિતી માટે વિનંતી કરનાર નાગરિક
(D) માહિતી માટે વિનંતી કરનાર નાગરિક સિવાયની વ્યક્તિ

(97) માહિતી અધિકાર અધિનિયમ - 2005 ની કલમ - 13 શેનો નિર્દેશ કરે છે ?

(A) રાજ્ય માહિતી પંચની રચનાનો

(B) માહિતી પૂરી પાડવા બાબતનો

(C) માહિતી પંચની સત્તા અને કાર્યક્રમો

(D) માહિતી કમિશ્નરના હોદ્દાની મુદ્દત અને સેવાનીશરતોનો

(98) માહિતી અધિકાર અધિનિયમ - 2005 હેઠળ અરજદારની પ્રથમ અપીલનો નિકાલ સત્તાધિકારીએ વધુમાં વધુ કેટલા દિવસમાં કરવાનો હોય છે ?

(A) 15 દિવસ (B) 30 દિવસ

(C) 45 દિવસ (D) 60 દિવસ

(99) અનુદાનિત માધ્યમિક શાળાના શિક્ષકનાખાનગી અહેવાલ ભરતા સમયે શિક્ષકનું એકંદર મૂલ્યાંકન તરીકે શું ન લખી શકાય ?

(A) ઘણું સારું (B) ઘણું નબળુ

(C) નબળુ (D) મધ્યમ

(100) બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના કારકૂનના ખાનગી અહેવાલમાં નીચેના પૈકી કઈ બાબતનો સમાવેશ થતો નથી ?

(A) કર્મચારીની નિવૃત્ત તારીખ (B) કર્મચારીનું નામ

(C) નોકીરની મુદત (D) હિસાબી કામકાજ

◆◆◆

# રફ કામ માટેનું પેઈજ

## રફ કામ માટેનું પેઈજ

SEAL SEAL SEAL SEAL PAPER-2

પરીક્ષા પૂરી થયાબાદ **OMR** શીટ ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલા લઈ પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.